# આણંદ જિલ્લામાં વેકેશન દરમિયાન શાળામાં શિક્ષણ બંધ રાખવા આદેશ

**બોર્ડની પરીક્ષાઓની** તૈયારીના નામે ચાલતી શાળાઓની માન્યતા રદ થવા સુધીની સજા થઇ શકે




(પ્રતિનિધિ) આણંદ તા 9

સોમવારથી શરુ થયેલા 35 દિવસીય ઉનાળુ વેકેશન દરમિયાન આણંદ સહિત તમામ જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવાનું રહેશે તેમ શિક્ષણ વિભાગ દ્વારા તમામ શાળાઓને આદેશ કરાયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલા શૈક્ષણિક વર્ષ 2025-26ના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ તા. 4 મે 2026 થી તા. 7 જૂન 2026 સુધી ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન આણંદ જિલ્લામાં આવેલી સરકારી, અનુદાનિત તેમજ બિનઅનુદાનિત તમામ શાળાઓમાં શિક્ષણ સંબંધિત કામગીરી બંધ રહેશે.બોર્ડની પરીક્ષાઓની તૈયારીના નામે ચાલતી સ્કૂલોની માન્યતા રદ થવા સુધીની સજા થઇ શકે છે. શિક્ષણ વિભાગે ચેતવણી આપી છે કે આ સૂચનાનું ઉલ્લંઘન કરનાર શાળાઓ સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ તથા નિયમો અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.


આથી તમામ શાળાઓને આ આદેશનું પાલન કરવાની સૂચના આપવામાં આવી છે અને વેકેશન દરમિયાન કોઈપણ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિ ન રાખવા સૂચવાયું છે. દરેક જિલ્લામાં સૂચના આપવામાં આવી છે કે તેઓ પોતાના વિસ્તારની શાળાઓમાં આકસ્મિક તપાસ કરે. જે શાળાઓ પરિપત્રનો ભંગ કરશે તેમની માન્યતા રદ કરવા અથવા ભારે દંડ વસૂલવા સુધીના પગલાં લેવામાં આવી શકે છે.ઉલ્લેખનીય છે કે, જો કોઈ આ નિયમનો ભંગ કરતી પકડાય તો પહેલા કારણદર્શક નોટિસ આપવામાં આવે છે. અને યોગ્ય ખુલાસો ન અપાય તો પ્રથમ વખતની ભૂલ માટે રૂ. 10થી 15 હજારનો દંડ થઈ શકે છે.

## માહિતી કચેરી દ્વારા ‘કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક’ પ્રસિદ્ધ કરાયો

(પ્રતિનિધ) આણંદ તા.9

આણંદના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ગુજરાત સરકારના માહિતી કમિશનરની કચેરી દ્વારા ‘કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-2026’ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ વિશેષ અંકમાં અનુભવી અને વ્યવસાયિક તજજ્ઞો દ્વારા ધોરણ 10 અને 12 પછીના વિવિધ અભ્યાસક્રમો, કોલેજો, યુનિવર્સિટીઓ અને રોજગારીની તકો વિશે સચોટ વિગતો આપવામાં આવી છે. આ સંપુટમાં મેડિકલ, પેરા-મેડિકલ, એન્જિનિયરિંગ, સાયબર સિક્યુરિટી, ડેરી ટેકનોલોજી, ફેશન ડિઝાઈનિંગ, આર્ટસ, અને સરકારી નોકરી જેવા અનેક ક્ષેત્રો પર વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ વિશેષાંક નાયબ માહિતી નિયામકની કચેરી, રૂમ નં. 113, જૂનું સેવા સદન, આણંદ ખાતેથી મેળવી શકશે.

## વડતાલમાં ‘ સહજાનંદી બાળ યુવા શિબિર ’નો દશાબ્દી મહોત્સવ પ્રારંભ



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલ ખાતે ચાર દિવસીય ‘સહજાનંદી બાળ યુવા શિબિર’નો ભવ્ય પ્રારંભ થયો છે. આ દશાબ્દી મહોત્સવમાં ગુજરાતના ચરોતર, અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈ જેવા વિવિધ સ્થળોએથી ચાર હજારથી વધુ ઉત્સાહી શિબિરાર્થીઓ ભાગ લેવા આવી પહોંચ્યા છે. વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, વેકેશન દરમિયાન બાળકો સમયનો સદુપયોગ કરે અને તેમનામાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી આ 10મી શિબિરનું આયોજન કરાયું છે. આ શિબિર દરમિયાન બાળકોને યોગ, પ્રાણાયામ, માતૃ-પિતૃ વંદના, ગૌ પૂજન અને રમતગમતની તાલીમ આપવામાં આવશે. સાથે જ વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા ઘનશ્યામ ચરિત્રની કથાનું રસપાન પણ કરાવવામાં આવશે. આ શિબિરમાં મોટા લાલજી સૌરભપ્રસાદજી ઉપસ્થિત રહી શિબિરાર્થીઓને આશીર્વચન પાઠવશે. આ કાર્યક્રમના ભાગરૂપે વડતાલની શેરીઓમાં ભવ્ય શોભાયાત્રા અને સંધ્યા ફેરી યોજાશે.

# આંકલાવના રંજેવાડ તળાવમાં માછલીઓના મોતથી અરેરાટી

**મૃત માછલીઓની** દુર્ગંધ અને ગંદકીથી લોકો પારાવાર પરેશાન, તંત્ર સામે આક્રોશ ભભૂક્યો



(પ્રતિનિધિ) આંકલાવ તા 9

આંકલાવ શહેરના મધ્યમાં આવેલા રંજેવાડ તળાવમાં મોટી સંખ્યામાં માછલીઓના મોત થતા સમગ્ર વિસ્તારમાં ચિંતા સાથે ભારે રોષ ફેલાયો છે. તળાવની સપાટી પર હજારો મૃત માછલીઓ જોવા મળી રહી છે, મૃત માછલીઓના કારણે આસપાસના વિસ્તારોમાં ભારે દુર્ગંધ ફેલાઈ ગઈ છે.

રહીશોએ ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે તળાવના પાણીમાં કોઈ ઝેરી કેમિકલ અથવા પ્રદૂષિત પાણી ભળવાના કારણે આ ઘટના બની હોઈ શકે છે. માછલીઓના અચાનક મોતને કારણે લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગ્રામજનોનાજણાવ્યાઅનુસાર તળાવમાં મૃત માછલીઓના થર જામ્યા છે, છતાં હજુ સુધી તંત્ર દ્વારા યોગ્ય સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. મૃત માછલીઓના નિકાલ માટે કોઈ ખાસ પગલાં લેવામાં આવ્યા ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સ્થાનિક લોકોમાં તંત્રની કામગીરી સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. તળાવની આસપાસ ગંદકી વધી જતા દુર્ગંધના કારણે વેપારીઓ અને રહેવાસીઓ બંને મુશ્કેલીમાં મુકાયા છે.

## જરૂરિયાતમંદ વિદ્યાર્થી માટે રહેવા-જમવાનું હવે ‘નિ:શુલ્ક’

**સીવીએમ યુનિવર્સિટી** દ્વારા શિક્ષણથી વંચિત ન રહે તે માટે નિર્ણય લીધો

(પ્રતિનિધિ) આણંદ તા.9

ચારુતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિવર્સિટી દ્વારા ધોરણ-12ના પરિણામો બાદ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભાવિ માટે એક પ્રેરણાદાયી જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાના આદ્યસ્થાપકોના ‘શિક્ષણ દ્વારા સમાજ ઉત્થાન’ના સ્વપ્નને સાકાર કરવાના હેતુથી, તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રહેવા અને જમવાની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલે જણાવ્યું હતું કે, અનેક કિસ્સાઓમાં આર્થિક નબળી સ્થિતિ હોશિયાર વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણમાં અવરોધ બને છે. આવા ‘હીરા’ જેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માત્ર નાણાંના અભાવે અભ્યાસ ન છોડે તે માટે સી.વી.એમ. સંચાલિત હોસ્ટેલોમાં લોજિંગ અને બોર્ડિંગની સુવિધા સંપૂર્ણ મફત રહેશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને આર્થિક ચિંતા મુક્ત કરી તેમના અભ્યાસ અને કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરવાનો છે. આ સુવિધા એવા વિદ્યાર્થીઓને આપવામાં આવશે, જે ધોરણ-12માં ઉચ્ચ ગુણ અને આર્થિક જરૂરિયાત હોય, જેના માટે માર્કશીટ અને આવકનો દાખલો જરૂરી છે. આ અંગે વિદ્યાર્થીઓએ સી.વી.એમ. યુનિવર્સિટી કાર્યાલયનો સંપર્ક કરવાનો રહેશે.

### એસટી મહિલા અનામત બેઠક પર પાત્રતા મુદ્દે કલેક્ટરને રજૂઆત

# આણંદ જિલ્લા પંચાયતમાં જાતિ પ્રમાણપત્રને લઇ વિવાદ

**હાડગુડના સભ્ય** ગૌરીબેન તડવીનો સારસાના સભ્ય પર ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની આગામી ચૂંટણી પૂર્વે જ રાજકીય અને કાયદાકીય માહોલ ગરમાયો છે. જિલ્લા પંચાયત પ્રમુખનું પદ હાલના રોસ્ટર મુજબ અનુસૂચિત જનજાતિ (ST) મહિલા માટે અનામત છે. આ બેઠક પર પોતાની દાવેદારી મજબૂત કરતા હાડગુડ બેઠકના સભ્ય ગૌરીબેન રમેશભાઈ તડવીએ અન્ય એક સભ્યની પાત્રતા સામે ગંભીર સવાલો ઉઠાવી રાજ્ય ચૂંટણી કમિશનર અને જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

આ અંગે ગૌરીબેન તડવીએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે, તેઓ પોતે હિન્દુ તડવી જ્ઞાતિના છે અને આ પદ માટે તેઓ એકમાત્ર લાયક ઉમેદવાર છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, સારસા બેઠક પરથી સામાન્ય બેઠક પર ચૂંટાયેલા મયુરીબેન નિકિતભાઈ પટેલ પ્રમુખ પદ માટે દાવેદારી કરી શકે છે, પરંતુ તેઓ ગુજરાતના મૂળ વતની નથી. મયુરીબેન પાસે મહારાષ્ટ્રના ધૂળે જિલ્લાનું જાતિ પ્રમાણપત્ર હોવાથી, તેઓ ગુજરાતમાં અનામતનો લાભ લેવા માટે પાત્ર ઠરતા નથી.

આ રજૂઆતમાં સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓનો હવાલો આપી જણાવવામાં આવ્યું છે કે, અન્ય રાજ્યમાંથી સ્થળાંતરિત થયેલી વ્યક્તિ જે તે રાજ્યમાં અનામતના લાભ મેળવી શકતી નથી. વધુમાં, મયુરીબેને આણંદના સામાન્ય જ્ઞાતિના પરિવારમાં લગ્ન કર્યા હોવાથી પણ તેઓ હવે આ અનામતનો દાવો કરી શકે નહીં તેવું તર્ક રજૂ કરવામાં આવ્યો છે.

આથી, ગૌરીબેને માંગ કરી છે કે પ્રમુખની ચૂંટણી પ્રક્રિયામાં કોઈ પણ અયોગ્ય ઉમેદવારને ફોર્મ ભરવા દેવામાં ન આવે અને આ મામલે તેમને રૂબરૂ સાંભળવામાં આવે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આઈ. જે. પટેલ બી.એડ્. કૉલેજ ખાતે ‘ લાઈફ સ્કિલ્સ એન્ડ વેલ્યુ એજ્યુકેશન ’ પુસ્તકનું વિમોચન



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ. જે. પટેલ બી.એડ્. કોલેજ દ્વારા ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે વિશેષ પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ડાયરેક્ટર ડો. નુસરત કાદરીએ પ્રશિક્ષણાર્થીઓ માટે તૈયાર કરેલ ઉપયોગી પુસ્તક ‘લાઈફ સ્કિલ્સ એન્ડ વેલ્યુ એજ્યુકેશન’ સૌપ્રથમ સંસ્થાની લાયબ્રેરીને અર્પણ કર્યું હતું. સંસ્થાના પ્રમુખ કે. ડી. પટેલ અને અન્ય મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં આ પુસ્તકનું વિમોચન કરી ડો.. કાદરીના શૈક્ષણિક પ્રદાનને બિરદાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઇન્ચાર્જ આચાર્ય ડો. યજ્ઞેશ પુરોહિત અને સમગ્ર સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે રાજ્યસ્તરીય આંતર કૃષિ યુનિવર્સિટી સ્ટાફ ટુર્નામેન્ટ સંપન્ન




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના યજમાનપદે રાજ્યની વિવિધ કૃષિ યુનિવર્સિટીઓના કર્મચારીઓ માટે રમતગમત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો. કે.બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સ્પર્ધામાં ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી વિવિધ રમતોમાં ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં આણંદ કૃષિ યુનિવર્સિટી વોલીબોલમાં ચેમ્પિયન બની હતી, જ્યારે દાંતીવાડા યુનિવર્સિટીએ ક્રિકેટ, બેડમિન્ટન અને ચેસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી વિજેતા પદ મેળવ્યું હતું. આ સમાપન સમારોહમાં વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી, જેમાં નવસારી અને કામધેનુ યુનિવર્સિટીની ટીમોએ પણ વિવિધ રમતોમાં પોતાની સિદ્ધિઓ અંકિત કરી હતી.

### સંતરામપુરની એસ.પી. હાઈસ્કૂલમાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓ ઝળહળ્યા



**સંતરામપુર** | એસ.પી. હાઈસ્કૂલનું વિજ્ઞાન પ્રવાહનું 41 ટકા અને સામાન્ય પ્રવાહનું 76.27 ટકા પરિણામ જાહેર થયું છે, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં સૃષ્ટિ ડામોરે 539 ગુણ અને સામાન્ય પ્રવાહમાં નિશાબેન પટેલીયાએ 531 ગુણ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. આ ઉપરાંત હર્ષિદા સોલંકી, ધર્મેન્દ્ર પગી, પાયલબેન તાવીયાડ અને હુતુલભાઈ ડામોર જેવા વિદ્યાર્થીઓએ પણ મેળવેલી સફળતાથી શાળાનું ગૌરવ વધ્યું છે. આ શાનદાર સફળતા બદલ શાળા પરિવાર દ્વારા તમામ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### પેટલાદના નાર સ્થિત ગોકુલધામ ક્રિકેટ લીગમાં વડોદરાની સંસ્કૃતિ સલૂન ટીમ ચેમ્પિયન બની




**પેટલાદ** | નાર સ્થિત ગોકુલધામ ખાતે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભવ્ય ફિનાલેમાં હજારો ક્રિકેટપ્રેમીઓની સાક્ષીમાં વડોદરાની સંસ્કૃતિ સલૂન ટીમે અમદાવાદની માઝા માવેરીક્સને 21 રને હરાવી ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો. આ મેગા ટુર્નામેન્ટમાં 40થી વધુ ટીમો અને આઈપીએલ તેમજ રણજી ટ્રોફીના પ્રતિભાશાળી ખેલાડીઓએ ભાગ લઈને રમતનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. પૂજ્ય શુકદેવ સ્વામીજી અને અન્ય સંતોની પવિત્ર ઉપસ્થિતિમાં વિજેતા અને રનર-અપ ટીમોને ભવ્ય ટ્રોફી તથા પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગોકુલધામ સ્પોર્ટ્સ અકેડમી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

### તારાપુરના વાળંદાપુરામાં સોજિત્રા ધારાસભ્યની હાજરીમાં ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ



**તારાપુર** | તારાપુર તાલુકાના વાળંદાપુરા ગામે સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્ય ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન ધારાસભ્યની હાજરીમાં નાના બાળકોના વરદ હસ્તે કરાવી રમતગમતના પ્રોત્સાહન સાથે કાર્યક્રમ ખુલ્લો મૂકાયો હતો. આ પ્રસંગે જિલ્લા સંગઠન મહામંત્રી પ્રવિણભાઇ વાઘેલા, રામદેવસિંહ ગોહિલ અને ભાગ્યેશ વ્યાસ સહિત સંગઠનના અનેક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, વિવિધ સંસ્થાના આગેવાનો અને મોટી સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓએ હાજર રહ્યાં હતાં.

### આણંદના શિક્ષક દર્શનભાઈ વાળંદ દ્વારા ‘ રેઈન વોટર હાર્વેસ્ટિંગ મશીન ’ ની પેટન્ટ રજીસ્ટર



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટીના આઈપી સેલ પ્રોજેક્ટ હેઠળ સ.વ. પટેલ પ્રાથમિક શાળાના શિક્ષકે આ વિશેષ સિદ્ધિ મેળવી છે. પર્યાવરણ અને જળ સંરક્ષણ માટે અત્યંત ઉપયોગી એવા આ નવતર મશીન દ્વારા તેમણે શિક્ષણ જગતનું ગૌરવ વધાર્યું છે. જળ સંચયના આ આધુનિક અભિગમ સાથે તૈયાર કરેલા તેમના સંશોધનને સફળતાપૂર્વક પેટન્ટ પ્રાપ્ત થઈ છે. આ ગૌરવશાળી સફળતા બદલ સંસ્થા અને શાળા પરિવાર દ્વારા તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

### કપડવંજના મીરાપુર ગામે પ્રાકૃતિક કૃષિ જાગૃતિ શિબિરમાં ખેડૂતોને પ્રાયોગિક શિક્ષણ અપાયું



**કપડવંજ** | કપડવંજ તાલુકાના મીરાપુર ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ખેડૂતો અને મહિલાઓ માટે વિશેષ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં દેશી ગાય આધારિત ખેતી તેમજ જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની પદ્ધતિઓનું જીવંત નિદર્શન કરી પ્રાયોગિક માહિતી આપવામાં આવી હતી. તાલુકા પ્રોજેક્ટ મેનેજર ભૂમિકાબેન પટેલે ઉનાળુ બાજરીના પ્લોટની મુલાકાત કરાવી રાસાયણિક ખેતીની સરખામણીએ પ્રાકૃતિક ખેતીના ફાયદા અને તફાવત સમજાવ્યાં હતાં. આ શિબિરમાં ઉપસ્થિત અગ્રેસર ખેડૂતોને ઓછા ખર્ચે ખેતી કરવા અને પ્રાકૃતિક કૃષિ અભિગમ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

### આણંદના તડાતળાવમાં મેનગ્રોવ રિસ્ટોરેશન અને માઈક્રોબિયલ ઈકોલોજી ઈન્ટર્નશીપનો પ્રારંભ



**આણંદ** | સીવીએમ યુનિવર્સિટી, ડો. રેડ્ડીસ ફાઉન્ડેશન અને વર્ટિસ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આણંદના તડાતળાવ વિસ્તારમાં મેનગ્રોવ રિસ્ટોરેશન અને પર્યાવરણ સંરક્ષણનું મહત્વપૂર્ણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત એનવિપાસ કોલેજની માઈક્રોબાયોલોજી વિભાગની બે વિદ્યાર્થિનીઓ 4 મે થી 4 જુલાઈ દરમિયાન મેનગ્રોવ ઈકોલોજી અને પ્રાયોગિક સંશોધન અંગેની બે મહિનાની વિશેષ ઈન્ટર્નશીપ મેળવી રહી છે. ડો. પવન કુમાર અને પ્રો. નીલકંઠ ફળદુના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓને દરિયાઈ વનસ્પતિના સંવર્ધન અને પ્રાયોગિક વિશ્લેષણના પાસાઓ પર સઘન તાલીમ આપવામાં આવશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના શિક્ષક પિતાના પુત્ર ધ્વનિત ભોઈએ એસએસસીમાં 91.33% ગુણ મેળવ્યાં



**આણંદ** | અમદાવાદ નિવાસી અને આણંદના શિક્ષક વિજયકુમાર ભોઈના પુત્ર ધ્વનિતે ધોરણ 10માં 600માંથી 548 ગુણ મેળવ્યા છે. મણિનગરની સ્વામિનારાયણ ગાદી ઇન્ટરનેશનલ સ્કૂલના આ છાત્રએ 96.51 પર્સેન્ટાઇલ મેળવી સમાજનું ગૌરવ વધાર્યું છે. આ તેજસ્વી સફળતા બદલ રાવજીદાદા, કાનુદાદા અને પરિવારના વડીલો દ્વારા તેને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ધ્વનિતની આ શૈક્ષણિક સિદ્ધિથી સમગ્ર ભોઈ સમાજમાં અત્યંત આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

### આણંદની ડી.ઝેડ પટેલ સ્કૂલમાં બોર્ડના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો




**આણંદ** | ડી.ઝેડ પટેલ સ્કૂલ ખાતે ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષામાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓનો અભિવાદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય વિપુલભાઈ પટેલ અને માતૃસંસ્થાના પ્રમુખ કિરણભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ચારૂસેટ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અતુલભાઈ પટેલ અને શાળાના કોર્ડીનેટર હરેકૃષ્ણભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સન્માન અવસરે શાળાના આચાર્ય, શિક્ષકો અને કમીટીના સભ્યોએ તેજસ્વી વિદ્યાર્થીઓના કૌશલ્યને બિરદાવ્યું હતું.

### વડાલી ખાતે રાવળ યોગી સમાજની બેઠકમાં નવા પ્રમુખ તરીકે દિનેશભાઈ રાવળની વરણી



**કપડવંજ** | કપડવંજ તાલુકાના વડાલી ગામે રાવળ યોગી સમાજ વિકાસ મંડળની બેઠકમાં સમાજના વિકાસ, એકતા અને શિક્ષણ જેવા મહત્વના મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે નિર્માલી ગામના પ્રતિષ્ઠિત સમાજસેવક દિનેશભાઈ મંગળભાઈ રાવળની નવા પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સાથોસાથ મંડળના ઉપપ્રમુખ તરીકે દશરથભાઈ રમણભાઈ રાવળની પસંદગી કરી હતી.